**L.A. FILE- (2)** Kabulat IPC-283

**<u>અમદાવાદના મહે.આઠમાં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી અમદાવાદ શહેરનીકોર્ટમાં.</u>**

## ફો.કેસ.નં.૧૩૩૧૫૫/૨૦૨૪

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : ઋત્વિક રાજુભાઈ દંતાણી

**<u>ગુનો:– ઈ.પી.કો.ની કલમ– ૨૮૩ મુજબ</u>.**

**<u>ઠરાવ</u>**

**૧.** આ કામના આરોપી સામે ઈ.પી.કોડની કલમ–૨૮૩ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ સદર કલમ અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીને પુછતા તેઓએ સ્વૈચ્છીક રીતે ગુનાની કબુલાત કરેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહીં માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા અંગે પુછતા જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોકત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ. કલમ– ૨૭૫ (ઓલ્ડ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨) અન્વયે ઈ.પી.કોડની કલમ–૨૮૩ મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને **રૂપિયા: ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો **દિન–૧ (એક)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પે.સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.

તા.૧૪/૯/૨૦૨૪

(પવનકુમાર એન.નવીન)

આઠમાં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ

અમદાવાદ શહેર, કોડ જીજે ૦૦૭૫૮